### ધાર્મિક અનુયાયીઓમાં જેટલું મહત્વ ધાર્મિક ગ્રંથોનું છે તેટલું જ મહત્વ

# દેશના નાગરિક માટે 'બંધારણ' પવિત્ર ગ્રંથ છે : ભૂપેન્દ્રભાઈ પટેલ

### ભારતીય સંવિધાન દિવસના પવિત્ર અવસરે "સંવિધાન ગૌરવ અભિયાન" નો અરવલ્લીના મોડાસા ખાતેથી પ્રારંભ કરાવતા મુખ્યમંત્રી : સમગ્ર રાજ્યમાં ૨૬ નવેમ્બર થી ૬ ડિસેમ્બર સુધી "સંવિધાન ગૌરવ અભિયાન" કાર્યરત રહેશે

બાયડ તા.૨૬

મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે સંવિધાન દિવસના પવિત્ર અવસરે અરવલ્લી જિલ્લાના મોડાસા ખાતેથી "સંવિધાન ગૌરવ અભિયાન" નો પ્રારંભ કરાવતા કહ્યું હતું કે, ધાર્મિક અનુયાયીઓમાં જેટલું મહત્વ ધાર્મિક ગ્રંથોનું છે તેટલું જ મહત્વ લોકશાહીના દેશમાં દરેક નાગરિક માટે બંધારણના પવિત્ર ગ્રંથનું છે.

ભારતીય બંધારણ દિવસના સંવિધાન ગૌરવ દિવસે મુખ્યમંત્ર શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલ સહિત અન્ય મહાનૂભાવો દ્વારા બંધારણના પવિત્ર ગ્રંથનું પૂજન કરવામાં આવ્યું હતુ.

ભારતીય બંધારણના ઘડવૈયાઓએ દેશના છેવાડાના માનવી થી લઈ સર્વોચ્ચ કક્ષાએ બિરાજમાન નાગરિકોને સર્વસમાન લોકતાંત્રિક હક પ્રાપ્ત કરાવ્યા છે.બંધારણના ઘડવૈયાઓએ દેશ હિત-રાષ્ટ્ર હિતને જ સર્વોપરી જાણીને જ્ઞાન, વિવેકપૂર્ણ દૂરંદેશીતા અને પરિશ્રમ દ્વારા વિરલ દસ્તાવેજ દેશને સુપ્રત કર્યો છે.







સંવિધાન દિવસના પાવન અવસરે મુખ્યમંત્રી શ્રી એ બંધારણની મુસદ્દા સમિતિના અધ્યક્ષ અને બંધારણના ઘડતરમાં જેમનો સિંહફાળો રહ્યો છે તેવા ડૉ.બાબા સાહેબ આંબેડકરના યોગદાનનું સ્મરણ કરતા કહ્યું કે, બંધારણનું નિર્માણ થયા બાદ ૨૬ નવેમ્બર ૧૯૪૯ ના રોજ સંવિધાન સભામાં ડૉ બાબા સાહેબ આંબેડકરે સંવિધાન સુપ્રત કરતા કહ્યું હતું કે, ભારતીય સંવિધાન એટલું લચીલું અને સ્થિતિસ્થાપક છે કે જે પ્રવર્તમાન અને ભવિષ્યની દરેક પરિસ્થિતિ અને સંજોગો વસાત બદલી શકાશે.

તેઓએ ડૉ.બાબા સાહેબ આંબેડકરની કર્તવ્યનિષ્ઠાનું પણ ઉદાહરણ ટાંકતા કહ્યું હતુ કે, સંવિધાન ઘડતરના દિવસોમાં ઘણી બિમારીઓથી પીડાતા ડૉ.બાબા સાહેબ આંબેડકરે શારિરીક પીડા અને અનેક પડકારો સહન કર્યા બાદ પણ પ્રામાણિકતાથી સંવિધાન ઘડતર કર્યુ હતુ.

મુખ્યમંત્રી શ્રી એ રાજ્યના તત્કાલીન મુખ્યમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદી દ્વારા વર્ષ ૨૦૧૦ માં સુરેન્દ્રનગરથી બંધારણની ગરિમાને ઉજાગર કરવા હાથીની અંબાડી પર કાઢવામાં આવેલી સંવિધાનયાત્રાને પણ યાદ કરી હતી.ત્યારબાદ તેઓએ નરેન્દ્રભાઈ મોદીના પ્રધાનમંત્રી પદના કાર્યકાળ દરમિયાન જ વર્ષ ૨૦૧૫ માં મહારાષ્ટ્ર ખાતે ડૉ. બાબા સાહેબ આંબેડકરની પ્રતિમાનું પૂજન કરીને ૨૬ નવેમ્બરના દિવસને દેશભરમાં સંવિધાન દિવસ તરીકે ઉજવવાનો સંકલ્પ કર્યો હોવાનું કહ્યું હતુ. જેના ભાગરૂપે જ આજે દેશભરમાં સંવિધાન દિવસની ઉજવણી થઈ રહી છે.

ભારતીય સંવિધાન વિશ્વના વિભિન્ન દેશોના બંધારણમાં રહેલા શ્રેષ્ઠતમ તત્ત્વોનું મિશ્રણ છે જેનું આપણા દેશના બંધારણમાં સમાવેશ કરવામાં આવ્યો છે.જેમાં ભારતીય રાજનીતિના માર્ગદર્શક સિદ્ધાંતો, મૂળભૂત ફરજો, મૂળભૂત હક્ક, સાંસદીય પ્રણાલીનો અને કાર્યપદ્ધતિ નો સમાવેશ થાય છે તેમ મુખ્યમંત્રીશ્રી એ જણાવ્યું હતુ.

ભારતીય બંધારણને ભારતીય સંસ્કૃતિ અને સમાજને અનુરૂપ બનાવવામાં આવ્યું છે.ભારતીય સંવિધાન સર્વ ધર્મ સમભાવના મૂલ્યોનું પણ જતન કરે છે. જેમાં સામ્રાજ્યવાદ કે સરમુખત્યારશાહી નહીં પરંતુ લોકશાહીના મૂલ્યોને અપનાવવામાં આવ્યા છે. જે અંતર્ગત દેશના દરેક નાગરિકને સમાન ન્યાય, સમાન હક્ક મળે તે પ્રકારની રચના કરવામાં આવી છે.

મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે સંવિધાન ગૌરવ અભિયાનની ઉજવણીના ફલશ્રુતિ સ્વરૂપે નાગરિકોને બંધારણમાં દર્શાવેલી મૂળભૂત ફરજો પોતાની જવાબ નૈતિક જવાબદારી સમજીને પાલન કરી રાષ્ટ્ર નિર્માણમાં સહભાગી થવા અને પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદીના આત્મનિર્ભર ભારત ના મંત્ર અને આત્મસાત કરવા માટે અપીલ કરી હતી.

# રાજ્ય ચૂંટણી આયોગને મોંઘવારી દેખાતી નથી..!!

### ૧૫ લાખ ખર્ચો ત્યારે જંગ લડાય..!! જિલ્લામાં ચૂંટણી લડતા સરપંચ ઉમેદવારોને ૧૫ થી ૪૫ હજારનો ખર્ચ કરવાની જોગવાઈ

બાયડ (બ્યુરો ઓફિસ) તા.૨૬

મોંઘવારીની વધતી ફલંગથી માત્ર સવારે ચા-બપોરે એક ડીશ ભોજન જમીએ તો પણ રૂા.૧૫૦નો એક પ્રહરનો ખર્ચ થઈ જાય છે. ત્યારે રાજ્ય ચૂંટણી આયોગ દ્વારા સરપંચની ચૂંટણી લડતા ઉમેદવારો માટે ખર્ચનું બાંધણું જાહેર કરાયું છે. સરપંચ પદના ઉમેદવારો રૂા.૧૫ થી ૪૫ હજાર સુધીનો પંચાયતના વોર્ડની સંખ્યા પ્રમાણે ખર્ચ કરી શકે છે.રાજ્ય ચૂંટણી આયોગને હાલની સ્થિતિમાં મોંઘવારી કેમ દેખાતી નથી..?? તેવા અનેક વેધક સવાલ ગ્રામ્ય વિસ્તારોમાંથી સામે આવ્યા છે. ચૂંટણી આયોગ દ્વારા ખર્ચ મર્યાદાની રકમ મુકરર કરાઈ છે તેના ઉપરથી જ દરેક ઉમેદવારોને ખોટું કરવું પડે તેવી સ્થિતિ સામે આવી છે. જિલ્લાની કેટલીક પ્રતિષ્ઠિત ગ્રામ પંચાયતમાં માત્ર વોર્ડની ચૂંટણી જીતવા ૨ થી ૪ લાખનો ખર્ચ થતો હોય છે ત્યારે સરપંચ પદના ઉમેદવારો માટે ભલે ખર્ચની મર્યાદા જાહેર કરાઈ હોય પરંતુ તમામ ગ્રામ પંચાયતોમાં ઉમેદવારો બેશક ખોટું કરશે તેમાં શંકાને સ્થાન નથી.

**૧ થી ૧૨ વોર્ડ માટે ૧૫ હજાર, ૧૩ થી ૨૨ વોર્ડ માટે ૩૦ હજાર અને ૨૩ થી ૩૦ વોર્ડ માટે ૪૫ હજારની ખર્ચ મર્યાદા**

સાબરકાંઠા, અરવલ્લીની ૪૫૮ ગ્રામ પંચાયતોની સામાન્ય ચુંટણી માટે જંગ શરૂ થયો છે. ભરશિયાળે ગામડાઓમાં રાત્રિ પડતાં દિવસ જેવી ચહલ-પહલ જોવા મળે છે. રાત્રિ દરમ્યાન ચા, નાસ્તો, પાકું ભોજન તો કેટલાક કિસ્સાઓમાં જુવાનીયાઓને પોતાની તરફી રાખવા માટે શરાબનો પણ ભરપુર ઉપયોગ થઈ રહ્યો છે. રાત્રિ થતાં જ ચૂંટણીના માહોલના કારણે ગામડાં જીવંત બની જાય છે. ઠંડીની જમાવટ સાથે તાપણાં પણ શરૂ થયાં છે. ગામડાઓમાં જ્યાં જાઓ ત્યાં પ્રચાર કાર્ય દિવસ-રાત ધમધમતું જોવા મળ્યું છે. સરપંચ સહિત વોર્ડના ઉમેદવારો પોતાની જીત થશે તેવા આત્મવિશ્વાસમાં રાચી રહ્યા છે. પોતાની આબરૂ ન જાય તે માટે ચૂંટણી જંગ લડતા સરપંચ ઉમેદવારોએ મત ખરીદવા માટે પૈસાની કોથળીઓ ખુલ્લી મૂકી શકે છે. ત્યારે રાજ્ય ચૂંટણી આયોગ દ્વારા સરપંચ પદના ઉમેદવારો માટે ખર્ચ મર્યાદાનું બાંધણું જાહેર કર્યું છે તે જોતાં નાની ગ્રામ પંચાયતોમાં વોર્ડ હોય તે પ્રમાણે સરપંચને માત્ર રૂા. ૧૫ થી ૪૫ હજારનો ખર્ચ કરવાનું બાંધણું જાહરે કરવામાં આવ્યું છે. ત્યારે વોર્ડ ઉમેદવારો ગમે તેટલો ખર્ચ કરી શકે તેવી એક પ્રકારે છૂટ અપાઈ હોય તેવું ગણી શકાય કારણ કે ખર્ચના નોટીફીકેશનમાં વોર્ડના સભ્યોની ચૂંટણી ખર્ચની મર્યાદા જાહેર કરાઈ નથી જેથી સ્થાનિક વહીવટી તંત્ર પણ અવઢવમાં આવી ગયું છે. બોલો જિલ્લામાં એવો કયો માઈનો લાલ સરપંચ ઉમેદવાર હશે જે રૂા.૧૫ થી ૪૫ હજારમાં ચુંટણીજંગ જીતી બતાવે.

# સાબરકાંઠા-અરવલ્લી જિલ્લામાં કમોસમી માવઠા વિષમ હવામાનથી બટાકાનું વાવેતર ઘોંચમાં

### ખેતરો સજ્જ પણ વાવેતર વિલંબમાં પડ્યું

બાયડ (બ્યુરો ઓફિસ) તા.૨૬

સાબરકાંઠા, અરવલ્લી જિલ્લામાં છેલ્લા કેટલાય સમયથી ઉભી થયેલી હવામાનની વિષમ પરિસ્થિતિના કારણે આ વખતે બટાકાનું વાવેતર ઘોંચમાં પડ્યું છે. સામાન્ય રીતે દિવાળી પછી ખેતરમાં બટાકાના વાવેતરનો ધમધમાટ શરૂ થતો હોય છે પરંતુ વર્તમાન વિષમ હવામાનની સ્થિતિને જોતાં ખેડૂતોએ વાવણી માટે થોભો અને રાહ જુઓની નીતિ અપનાવી છે.



જિલ્લામાં ખરીફ વાવેતરમાં ખેડૂતોને સારી પાક ઉપજ પછી તાજેતરમાં વરેસલા માવઠામાં મગફળી, કપાસ, મકાઈ, તુવેર સહિતનો તૈયાર પાક ભીંજાઈ જતાં કેટલાંક ખેડૂતોને નુકસાન થયું છે. દર વર્ષે નવરાત્રિ પૂર્ણ થયા અને દિવાળીના એક પખવાડિયા અગાઉ જિલ્લામાં બટાકાના વાવેતરનો પ્રારંભ થતો હોય છે પરંતુ વર્તમાન સમયમાં કમોસમી માવઠાના કારણે વિષમ હવામાનની સ્થિતિ છે. વહેલું વાવેતર કરનારા ખેડૂતોને નુકસાનો ભય ઉભો થયો છે. વાદળછાયું વાતાવરણ ઉપરાંત સવારે મિશ્ર ઋતુ અનુભવાતી હોવાથી બટાકાની ખેતી માટે અનુકુળ હવામાન ન હોવાથી બંન્ને જિલ્લામાં બટાકાનું વાવેતર ઘોંચમાં પડ્યું છે. ગત વર્ષ કરતાં પણ આ વર્ષે બટાકાનું બમ્પર વાવેતર થવાની ધારણા છે. ગત વર્ષે રવિ સીઝનની ખેતીમાં સાબરકાંઠા-અરવલ્લી જિલ્લામાં અંદાજીત ૩૬,૦૦૦ હેક્ટર જમીનમાં બટાટાનું વાવેતર થયું હતું. જિલ્લામાં આમ તો હાલની સ્થિતિમાં બટાકાનું વાવેતર શરૂ થઈ જવું જોઈએ પરંતુ વિષમ હવામાનના કારણે ખેડૂતોએ વાવેતર માટે થોભો અને રાહ જુઓની નીતિ અપનાવી છે.

**ચાલુ વર્ષે બટાકાનું બમ્પર વાવેતર થવાની ધારણા**

જિલ્લામાં આગામી ટૂંક સમયમાં જ બટાકાના વાવેતરનો ધમધમાટ શરૂ થવાનો છે. હવામાન અનુકુળ રહ્યું તો બટાકાનું વાવેતર ૪૦ હજાર હેક્ટરને પાર કરી જશે તેવું ખેતી સૂત્રો જણાવી રહ્યા છે. છેલ્લા ૨ વર્ષથી ખેડૂતોને બટાકાના ઓછા ભાવ મળતાં હોવા છતાં ખેડુતોને બટાકા પાકની વાવણી માટે ઉત્સાહમાં કોઈ ઓટ આવી નથી.

**પ્રોસેસીંગ વેરાયટીના ઉત્પાદન સમયે બજાર ભાવ વધી શકે**

ચાલુ વર્ષે દિપાવલીના તહેવારો સમયે બટાકાનું વાવેતર વિલંબમાં પડતાં ઉત્પાદન સમયે પ્રોસેસીંગ બટાકાની માંગ વિવિધ કંપનીઓ દ્વારા વધુ રહેવાની સંભાવના છે. શરૂઆતની સીઝનમાં જ એલ.આર. જેવી વેરાયટીના બટાકાના ભાવ ઉંચકાવવાની શક્યતાઓ વેપારીઓ જણાવી રહ્યા છે.

**રક્તદાન મહાદાન**

# 'નલ સે જલ' યોજના-અરવલ્લી જિલ્લામાં ૨.૯૦ લાખ ઘરમાં નળથી પાણી પહોંચ્યું

### ૭૨,૩૦૦ નળ જોડાણ આપવા ધમધમાટ : ડિસેમ્બર-૨૦૨૨ સુધીમાં બાકી રહેલા નળ જોડાણ પૂર્ણ કરાશે : વાસ્મો

બાયડ, તા. ૨૬

અરવલ્લી જિલ્લામાં વર્ષ-૨૦૧૯થી નલ સે જલ યોજના લાગુ કરવામાં આવ્યા પછી પાણી પુરવઠા વિભાગ અને વાસ્મો દ્વારા અત્યાર સુધીમા કુલ ૨,૯૦,૭૭૮ ઘર સુધી નળથી પીવાનું પાણી પહોંચ્યું હોવાનો વિભાગે દાવો કર્યો છે. જ્યારે હજુ ૭૨,૩૦૦ નળ કનેક્શન આપવાના બાકી હોવાથી વાસ્મો દ્વારા તબક્કવાર રીતે ડિસેમ્બર-૨૦૨૨ સુધીમાં ઘર જોડાણ પૂર્ણ કરવાના લક્ષ્યાંક સાથે કામગીરીનો ધમધમાટ શરૂ કરવામાં આવ્યો છે.

જિલ્લા જળ અને સ્વચ્છતા એકમ-અરવલ્લી (વાસ્મો) દ્વારા નલ સે જલ યોજના અંતર્ગત નળ જોડાણની કામગીરીને આગળ ધપાવવા માટે આયોજનબદ્ધ કામ થઈ રહ્યું છે. દરેક ઘરના રહેવાસીઓને હેન્ડપંપ અને કૂવા ઉપરથી બારેમાસ પાણી લાવવું પડતું હતું તેમાંથી મુક્તિ અપાવવાના આશયથી સરકાર દ્વારા નલ સે જલ યોજના લાગુ કરવામાં આવી છે. જિલ્લાના બાયડ, મોડાસા, ધનસુરા, માલપુર, મેઘરજ અને ભિલોડા તાલુકામાં વાસમો દ્વારા નળ કનેક્શન વિહોણા ઘરની વિગતો અંકે કરાયા પછી તબક્કાવાર રીતે દરેક ઘર સુધી નળ કનેક્શન પહોંચાડવામાં આવતાં જિલ્લામાં ૨,૯૦,૭૭૮ ઘરને નળ વાટે પાણી મળવા લાગ્યુંછે. ઉપરોક્ત તાલુકાઓમાં હાલ ૨,૧૮,૪૭૮ નળ કનેક્શનની સંખ્યા વાસ્મોના ચોપડે નોંધાઈ છે પરંતુ તા.૧૫ નવેમ્બરની સ્થિતિએ હજય ૭૨,૩૦૦ નળ કનેક્શન



આપવાના બાકી હોવાથી વિભાગ દ્વારા તબક્કાવાર રીતે વર્ષ-૨૦૨૨ સુધીમાં કામગીરી પૂર્ણ કરવા માટે આયોજનબદ્ધ રીતે નળ જોડાણ આપવામાં આવી રહ્યાં હોવાની વિગતો જાણવા મળી છે. જિલ્લામાં નલ સે જલ યોજનાને ૧૦૦ ટકા સક્ષ્યાંક સાથે પૂર્ણ કરવા માટે પ્રયત્નો થઈ રહ્યાનું વિભાગના યુનિટ મેનેજરે જણાવ્યું છે. પરંતુ જિલ્લાના અંતરીયાળ અને ડુંગરાળ વિસ્તારોમાં નલ સે જલ યોજના પૂર્ણ રૂપે સાકાર કરવામાં તંત્રને અનેક મુશ્કેલીઓ સામે આવી શકે છે.

અરવલ્લી જિલ્લામાં નલ સે જલ યોજના અંતર્ગત કુલ-૨,૦,૭૭૮ ઘર સુધી નળથી પાણી પહોંચી રહ્યું છે. જ્યારે હજુય ૭૨,૩૦૦ નળ કનેક્શન આપવાના બાકી રહ્યાં છે. વાસ્મો યુનિટ મેનેજર નવીનભાઈ પટેલના જણાવ્યા અનુસાર નળ જોડાણ આપવાની કામગીરી તબક્કાવાર રીતે આગળ વધી રહી છે અને ડિસેમ્બર-૨૦૨૨ સુધીમાં આ કામગીરી પૂર્ણ કરવામાં આવશે તેમ જણાવ્યું હતુ.

# સાબરકાંઠા-અરવલ્લીમાં કોરોનાથી મૃત્યુના કિસ્સામાં વારસદારોનો સહાય માટે ધમધમાટ

બાયડ (બ્યુરો ઓફિસ) તા.૨૬

કોવિડ-૧૯ના કારણે મૃત્યુના કિસ્સામાં વારસદારોને સહાય આપવા માટેની ગાઈડલાઈન જાહેર થઈ છે. સાબરકાંઠા-અરવલ્લી જિલ્લામાં કોરોનાથી મૃત્યુના કિસ્સામાં સાધનિક પુરાવાની ચકાસણી પછી વારસદારોને સહાય ચુકવવાનું ધમધમાટ શરૂ થશે. ગ્રામ પંચાયતોમાં તલાટી, પાલિકામાં ચીફ ઓફિસર અને તાલુકામાં મામલતદારને અરજી કરવા સુચના આપવામાં આવી છે. પરંતુ જિલ્લાની ૪૫૮ ગ્રામ પંચાયતોની સામાન્ય ચુંટણીના કારણે કામગીરીને અસર થવાની દહેશત છે જેથી રાજ્ય સરકાર અને વહિવટી તંત્રએ આ મુદ્દે સહાનુભુતી દાખવી યોગ્ય વૈકલ્પિક વ્યવસ્થા ઉભી કરવી જોઈએ.

### ગ્રામ પંચાયતમાં તલાટી, પાલિકામાં ચીફ ઓફિસર, તાલુકામાં મામલતદારને અરજી કરવા સુચના

કોરોનાથી મૃત્યુ પામેલા પરિવારના વારસદારોને સહાય ચુકવવા માટે દેશની સર્વોચ્ચ અદાલતે ફરમાન કર્યા પછી સરકાર પણ હરકતમાં આવી છે પરંતુ સરકારના દફતરે કોરોનાથી મૃત્યુ પામ્યાના આંકડા સીમિત છે. જ્યારે ખાનગી આંકડા વધુ ચોંકાવનારા હોવાથી સહાય મુદ્દે હોબાળો થવાની પુરેપુરી દહેશત સેવાઈ છે. સરકારના આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગના તાજેતરના ૨૦ નવેમ્બર, ૨૦૨૧ના ઠરાવ મુજબ જે કિસ્સામાં વ્યક્તિ જેનું નિદાન આર.ટી.પી.સી.આર./ મોલેક્યુલર ટેસ્ટ / રેપીડ અન્ટીજન ટેસ્ટ દ્વારા કરવામાં આવેલ હોય તથા હોસ્પિટલમાં ઈનપેશન્ટ ફેસીલીટીમાં દાખલ કરવામાં આવે ત્યારે સારવાર કરનાર ચિકિત્સક દ્વારા તબીબી રીતે હોસ્પિટલ ઈન પેશન્ટ ફેસીલીટીમાં સારવાર દ્વારા કોવિડ-૧૯નું નિદાન કરવામાં આવે છે તેવા કિસ્સાઓને કોરોના પોઝીટીવ કેસ ગણવાના રહેશે. આવા કિસ્સાઓમાં પોઝીટીવ આર.ટી.પી.સી.આર./ મોલેક્યુલર ટેસ્ટ / રેપીડ અન્ટીજન ટેસ્ટનો રીપોર્ટ તથા સબરજીસ્ટાર દ્વારા આપવામાં આવેલ મરણના દાખલાને સાથે રાખીને નિયત નમુનામાં સીધી અરજી કરવાની રહેશે. આવા કિસ્સામાં જન્મ-મરણ રજીસ્ટારની કચેરીના ફોર્મ ૪ તથ ૪-અ મેળવવાનું રહેશે નહિ. ટુંકમાં સહાય માટેની વિગતો જાહેર કરવામાં આવી છે પરંતુ મૃતકના વારસદારોને સહાય લેતાં આંખે પાણી આવે તેવી સ્થિતિ પેદા થવાની પૂરેપૂરી સંભાવના છે.

## પુરાવા ન હોય તો જિલ્લા કલેક્ટરને અરજી કરવી

સાબરકાંઠા-અરવલ્લી જિલ્લામાં કોરોનાથી પાછલાં ૧૮ મહિનામાં અનેક લોકો મોતને ભેટ્યા છે. આરોગ્ય તંત્ર કોરોનાથી મૃત્યુના સાચા આંકડા જાહેર કરતું ન હોવાના આરોપ લાગ્યા હતા. જ્યારે સ્મશાનોમાં મૃતદેહોની લાઈન લાગતી હતી. આ સંજોગોમાં સરકારે સંવેદનશીલ નિર્ણય લઈ કોઈપણ દર્દીના કોરોનાથી મૃત્યુ અંગેના કોઈ પુરાવા ન હોય તો વ્યક્તિનું મૃત્યુ કોરોનાના કારણે થયેલ હોય તો તેવું પ્રમાણિત પ્રમાણપત્ર મેળવવા પરિશિષ્ટ-૩ મુજબના આધારો રજુ કરી સાથે જિલ્લા કલેક્ટર, ડિઝાસ્ટર મેનેજમેન્ટને નિયત થયેલ કમિટીને રજુ કરવા અરજી કરવાની રહેશે અને આ કમિટીનું પ્રમાણપત્ર મળ્યા બાદ નિયત નમુનામાં સહાય મેળવવાની અરજી કરવાની રહેશે.

## રાષ્ટ્રીય શૈક્ષિક મહાસંઘ સાબરકાંઠા દ્વારા આવેદનપત્ર આપાયું

રાષ્ટ્રીય શૈક્ષિક મહાસંઘ-ગુજરાત મહામંત્રી મિતેષભાઈ ભટ્ટની ઉપસ્થિતિમાં રાષ્ટ્રીય શૈક્ષિક મહાસંઘ- સાબરકાંઠા માધ્યમિક સંવર્ગ અધ્યક્ષ જે.ડી. પટેલ, ઉચ્ચતર માધ્યમિક મંત્રી પી.જે. મહેતા, રાજ્ય સહસંગઠન મંત્રી મહેશભાઈ ભટ્ટ દ્વારા હિંમતનગર મામલતદાર તથા જીલ્લા કલેક્ટરશ્રીને આજરોજ ગરૂડાએપ દ્વારા ઓનલાઈન કામગીરીમાં પડતી તકલીફ તથા ઓનલાઈન કામગીરીમાંથી બુથ લેવલ ઓફિસરને મુક્તિ આપવા માટે આવેદનપત્ર આપવામાં આવ્યું.